સ્પોર્ટ્સ લાઈન

શનિવાર ૧૮ એપ્રિલ, ૨૦૨૬

IPL 2026 આજની મેચ

RCB Vs DC — સમય: સાંજે 3:30 વાગ્યે — સ્થળ: બેંગલુરુ
SRH Vs CSK — સમય: સાંજે 7:30 વાગ્યે — સ્થળ: હૈદરાબાદ

ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઇન્ટ	નેટ રન
PBKS	5	4	0	1	9	1.067
RCB	5	4	1	0	8	1.503
RR	5	4	1	0	8	0.889
GT	5	3	2	0	6	0.018
SRH	5	2	3	0	4	0.576
DC	4	2	2	0	4	0.322
LSG	5	2	3	0	4	-0.804
CSK	5	2	3	0	4	-0.846
MI	5	1	4	0	2	-1.076
KKR	6	0	5	1	1	-1.149

દિલ્હી કેપિટલ્સ સામે આજે RCB વર્ચસ્વ જાળવી રાખવાનો પ્રયાસ કરશે

અત્યાર સુધી સારું પ્રદર્શન કરનારી RCB સંઘર્ષરત દિલ્હી કેપિટલ્સ સામે વિસ્ફોટક છાપ જાળવવા માગશે

બપોરે 3.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

બેંગલુરુ, તા. 17 (પીટીઆઈ) : આઈપીએલની વર્તમાન સીઝનમાં રમતના દરેક વિભાગમાં સારું પ્રદર્શન કરનારી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) આવતીકાલે શનિવારે ડબલ હેડરની પહેલી મેચમાં બપોરે 3.30 વાગ્યે શરૂ થનારી મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે મેદાને ઉતરશે ત્યારે તેઓ પોતાનું વિજય અભિયાન જાળવી રાખવાનો પ્રયાસ કરશે.

આરસીબીની ટીમના ધ્યાનાકર્ષ દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી અત્યાર સુધી તેના ચાહકોને નિરાશ કર્યા નથી. તે ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવીને ઓરેન્જ કેપ ધરાવે છે. પરંતુ કોહલી એ પણ સ્વીકારશે કે ટીમની બેટિંગ હવે સંપૂર્ણપણે તેના પર નિર્ભર નથી. કેપ્ટન રજત પાટીદાર, દેવદત્ત પડિકલ, ફિલ સોલ્ટ અને ટિમ ડેવિડે આ સિઝનમાં પોતાની વિસ્ફોટક બેટિંગથી ખાસ છાપ છોડી છે અને તેઓ દિલ્હી સામે પણ આ છાપ ચાલુ રાખવા માંગશે.

પાટીદારે પાંચ મેચમાં 21 છગ્ગા ફટકારીને છગ્ગા ફટકારીને પોતાની કુશળતા દર્શાવી છે. અન્ય બેટ્સમેનોના ઉત્તમ પ્રદર્શનથી કોહલીને તેની નૈસર્ગિક રમત રમવાની તક મળી છે.

તેનાથી વિપરીત, દિલ્હીના બેટ્સમેન અત્યાર સુધી સંઘર્ષ કરી રહ્યા છે અને સામૂહિક રીતે પ્રદર્શન કરી શક્યા નથી. દિલ્હી પાસે કેએલ રાહુલ, પથુમ નિસાન્કા, ટ્રિસ્ટન સ્ટબ્સ, ડેવિડ મિલર અને નીતિશ રાણા જેવા અનુભવી બેટ્સમેન છે, પરંતુ તેમાંથી કોઈ પણ અત્યાર સુધી સાતત્યપૂર્ણ પ્રદર્શન કરી શક્યું નથી.

ગીલની ઈનિંગ ગ્રીન પર ભારે : KKRની પાંચમી હાર

ગ્રીન સિવાય અન્ય કોઇ બેટ્સમેન ક્રિઝ પર ટકીને ન રમી શકતા KKR 180 રનમાં ઓલઆઉટ થયું

શુભમન ગીલે 86 રનની ઈનિંગ રમતા ગુજરાત ટાઇટન્સ છેલ્લી ઓવરના ચોથા બોલે જીત્યું

અમદાવાદ, તા. 17 : આઈપીએલમાં આજે અહીં રમાયેલી એક મેચમાં મોંઘા ભાવે ખરીદાયેલા ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કેમરન ગ્રીને આખરે એક જોરદાર ઈનિંગ રમતા 55 બોલમાં 79 રન બનાવીને કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ને 180 રન સુધી પહોંચાડ્યું હતું જેના પરિણામે પોતાના હોમ ગ્રાઉન્ડ પર મળેલા 181 રનના લક્ષ્યાંકને કેપ્ટન શુભમન ગીલની 86 રનની ઈનિંગની મદદથી 19.4 ઓવરમાં પાંચ વિકેટના ભોગે આંબી ગુજરાતે પાંચ મેચમાં ત્રીજી જીત મેળવી હતી, જ્યારે કેકેઆર છ મેચમાં પાંચમી મેચ હાર્યું છે અને તેમની એક મેચ વરસાદે ધોઈ નાંખી હતી.

ટોસ જીતીને પ્રથમ દાવ લેવાનો નિર્ણય કરનારા કેકેઆરની શરૂઆત સારી રહી નહોતી અને કેપ્ટન આજિંક્ય રહાણે ગોલ્ડન ડક પર આઉટ થયો હતો. તે પછી પ્રથમ ચાર ઓવરમાં 32 રનમાં તેમણે ટોપ ઓર્ડરની ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. રોવમેન પોવેલ અને ગ્રીને મળીને તે પછી 55 રનની ભાગીદારી કરી હતી. પોવેલ 27 રન કરીને આઉટ થયો હતો. ગ્રીને તે પછી પણ પોતાની ફટકાબાજી ચાલુ રાખીને ચાલુ સિઝનની પોતાની પહેલી અર્ધસદી ફટકારી હતી, જો કે તેણે અર્ધસદી પુરી કર્યા પછી તેની પાસે સ્ટ્રાઇક ઘણી ઓછી આવી હતી અને સેટ બેટ્સમેનને સ્ટ્રાઇક આપવાને બદલે જે નવો બેટ્સમેન આવે તે પોતે ખોટા ફટકા મારીને આઉટ થતા રહેતા એક તબક્કે જે સ્કોર 200 પાર જતો જણાયો હતો તે 180 રન સુધિ સિમિત રહ્યો હતો. ગ્રીન તેમના ક્વોટાની 20મી ઓવરના છેલ્લા બોલે અંતિમ વિકેટના રૂપમાં આઉટ થયો હતો. તેણે પોતાની ઈનિંગમાં સાત ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા હતા. તે સિવાય રમનદીપ સિંહે 17 રન કર્યા હતા.

કોલકાતા નાઇટ રાઇડર્સ	રન	બોલ	4	6
સૈફર્ટ કો.ફિલિપ્સ બો.રબાડા	19	14	2	1
રહાણે કો.રબાડા બો.સિરાજ	0	1	0	0
રઘુવંશી કો.બટલર બો.રબાડા	8	4	2	0
ગ્રીન કો.બટલર બો.રાશિદ	79	55	7	4
પોવેલ કો.સિરાજ બો.અશોક	27	20	2	2
રોય કો.બટલર બો.પ્રસિદ્ધ	9	7	1	0
રિન્કુ કો.બટલર બો.રબાડા	1	2	0	0
રમનદીપ કો.સિરાજ બો.અશોક	17	8	2	1
નરીન કો ફિલિપ્સ બો.સિરાજ	0	5	0	0
કાર્તિક રનઆઉટ	6	4	0	1
વૈભવ નોટઆઉટ	0	1	0	0
વધારાના	14			
કુલ (20 ઓવરમાં ઓલઆઉટ)	180			

વિકેટપતન : 1/5, 2/21, 3/32, 4/87, 5/147, 6/148, 7/165, 8/166, 9/173, 10/180

બોલિંગ	O	M	R	W
મહંમદ સિરાજ	4	0	23	2
કગિસો રબાડા	4	0	29	3
પ્રસિદ્ધ કૃષ્ણા	4	0	32	1
અશોક શર્મા	4	0	45	2
રાશિદ ખાન	4	0	44	1

GTએ બેન્ટનના સ્થાને કોનોરને સમાવ્યો

નવી દિલ્હી, તા. 17 : ગુજરાત ટાઇટન્સે ઈંગ્લેન્ડના ઇજાગ્રસ્ત ખેલાડી ટોમ બેન્ટનના સ્થાને દક્ષિણ આફ્રિકાના વિકેટકીપર-બેટ્સમેન કોનોર એસ્ટરહુઇઝનનો ટીમમાં સમાવેશ કર્યો છે. આંગળીની ઇજાને કારણે બેન્ટન આઇપીએલમાંથી બહાર થઈ ગયો છે. 75 લાખના બેઝ પ્રાઇસ પર ગુજરાત ટાઇટન્સમાં સામેલ થયેલો કોનોર પહેલીવાર આઇપીએલમાં આવ્યો છે.

ગુજરાત ટાઇટન્સ	રન	બોલ	4	6
સુદર્શન કો.કાર્તિક બો.નરીન	22	16	1	2
ગીલ કો.ગ્રીન બો.વૈભવ	86	50	8	4
બટલર કો.ગ્રીન બો.વરુણ	25	15	2	2
સુંદર કો.કાર્તિક બો.વરુણ	13	13	1	0
ફિલિપ્સ કો.રિન્કુ બો.રમનદીપ	19	16	2	0
તેવટિયા નોટઆઉટ	7	6	0	0
શાહરૂખ નોટઆઉટ	3	2	0	0
વધારાના	5			
કુલ (19.4 ઓવરમાં પાંચ વિકેટે)	181			

174/4

વિકેટપતન : 1/57, 2/95, 3/141, 4/158, 5/177

બોલિંગ	O	M	R	W
વૈભવ અરોરા	4	0	35	1
કાર્તિક ત્યાગી	4	0	40	0
અનુકુલ રોય	3	0	37	0
સુનિલ નરીન	4	0	28	1
વરુણ ચક્રવર્તી	4	0	34	2
રમનદીપ સિંહ	0.4	0	5	1

SRH અને CSK આજે પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માગશે

રાજસ્થાન સામે જોરદાર ડેબ્યુ કરનારા પ્રફુલ હિંગે અને સાકિબ હુસેન સીએસકે સામે પ્રદર્શન દોહરાવવા માગશે

સાંજે 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

હૈદરાબાદ, તા. 17 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે શનિવારે ડબલ હેડરની બીજી મેચમાં સાંજે 7.30 વાગ્યે રમાનારી મેચમાં સંતુલિત દેખાતી સનરાઈઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) સામેની મેચમાં નવા આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે ત્યારે આ બંને ટીમ મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા પર નજર રાખશે.

અનુભવી બોલરો હર્ષલ પટેલ અને જયદેવ ઉનડકટની જગ્યાએ બેઠેલી આશાસ્પદ ઝડપી બોલર પ્રફુલ હિંગે અને શાકિબ હુસૈને પોતાની પહેલી મેચમાં જ શાનદાર પ્રદર્શન કરી રાજસ્થાન રોયલ્સની બેટિંગ લાઈનઅપને ધમરોળી હતી. વિદર્ભના 24 વર્ષીય ઝડપી બોલર હિંગેએ શરૂઆતમાં વૈભવ સૂર્યવંશી, ધ્રુવ જુરેલ અને લુઆન-ડ્રે પ્રિટોરિયસ જેવા બેટ્સમેનોને આઉટ કર્યા, અને ચાર ઓવરમાં ૩૪ રન આપીને ચાર વિકેટ લીધી. જ્યારે બિહારના 21 વર્ષીય હુસૈને પણ શાનદાર ડેબ્યૂ કરીને મધ્ય ઓવરોમાં પોતાની વૈવિધ્યસભર બોલિંગથી પ્રભાવિત કરી ચાર વિકેટ લીધી. આ બે યુવા બોલરોના પ્રભાવશાળી પ્રદર્શનથી સનરાઈઝર્સના પેસ આક્રમણને મજબૂત બનાવવામાં આવ્યું છે, જે અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ, ઈશાન કિશન અને હેનરિક ક્લાસેન જેવા બેટ્સમેન પર ખૂબ આધાર રાખતી ટીમને વધુ સારું સંતુલન પૂરું પાડે છે.

નીરજ-સુમિતનો દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા કોચ પર ઉત્પીડનનો આરોપ

સુમિત અંતિલે સાઇને કરેલી ફરિયાદમાં માનસિક ત્રાસ અને મૌખિક દુર્વ્યવહારનો આરોપ મૂક્યો, નીરજે તેને ટેકો આપ્યો

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ) : પેરાલિમ્પિક્સ ગોલ્ડ મેડલિસ્ટ સુમિત અંતિલે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (સાઇ)ને કરેલી ફરિયાદમાં દ્રોણાચાર્ય પુરસ્કાર વિજેતા કોચ નવલ સિંહ પર માનસિક ઉત્પીડન અને મૌખિક દુર્વ્યવહારનો આરોપ લગાવ્યો છે અને ઓલિમ્પિક્સ સુપરસ્ટાર નીરજ ચોપરાએ પણ તેમને ટેકો આપ્યો છે.

સાઈએ ફરિયાદ મળ્યાની વાત સ્વીકારી પણ કહ્યું કે નેવલ તેના કર્મચારી નહોતા પરંતુ એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એએફઆઈ) દ્વારા રાષ્ટ્રીય કોચિંગ કેમ્પના ભાગ રૂપે બીજા ટોચના ખેલાડીને તાલીમ આપવા માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૨૦૧૫માં દ્રોણાચાર્ય એવોર્ડથી સન્માનિત નવલ હાલમાં સચિન યાદવને તાલીમ આપે છે. ગયા વર્ષે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સચિન ચોથા સ્થાને રહ્યો હતો, ઈજા સાથે સંઘર્ષ કરી રહેલો નીરજ તે મુખ્ય ટુર્નામેન્ટમાં આઠમા સ્થાને રહ્યો.

ટોક્યો 2020 અને પેરિસ 2024 પેરા ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક વિજેતા અંતિલે એવો પણ આરોપ લગાવ્યો હતો કે નવલ કદાચ માનસિક રીતે અસ્થિર છે અને તે તેના અને નીરજ ચોપરા જેવા ટોચના રમતવીરોને હેરાન કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. નવલે પેરા-એથ્લીટ્સ સાથે પણ વ્યાપકપણે કામ કર્યું છે. જવાબમાં, સાઇના એક સૂત્રએ જણાવ્યું હતું કે આ મામલો ફેડરેશન સાથે યોગ્ય રીતે ઉઠાવવામાં આવી રહ્યો છે.

કેનેડા-ન્યુઝીલેન્ડ વચ્ચેની ટી-20 વર્લ્ડકપ મેચ ICC ACUની ચકાસણી હેઠળ

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઇ) : એક અહેવાલમાં ખુલાસો થયો છે કે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી) ક્રિકેટ કેનેડા સામે તેના ભ્રષ્ટાચાર વિરોધી કોડના કથિત ઉલ્લંઘનની તપાસ કરી રહી છે, જેમાં 17 ફેબ્રુઆરીએ ચેન્નાઈમાં રમાયેલી ટી-20 વર્લ્ડકપ મેચનો પણ સમાવેશ થાય છે, જેમાં ટીમ હારી ગઈ હતી. ચેપોક ખાતે કેનેડા આઠ વિકેટથી હારી ગયું હતું. આઇસીસીનું ભ્રષ્ટાચાર વિરોધી એકમ (એસીયૂ) તાજેતરમાં પ્રસારિત થયેલી એક દસ્તાવેજીમાં સામે આવેલા ભ્રષ્ટાચારના આરોપોની સંપૂર્ણ તપાસ કરી રહ્યું છે. કેનેડાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને 173 રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડે ફક્ત 15.1 ઓવરમાં લક્ષ્ય હાંસલ કરી લીધું. અહેવાલો અનુસાર, એસીયૂ ક્રિકેટ કેનેડાને લગતા આરોપોની તપાસ કરી રહ્યું છે. આમાં ઇન્ટરનેશનલ અને સ્થાનિક સ્તરે ક્રિકેટ કેનેડા દ્વારા આઇસીસી ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાના ભંગના આરોપોની બે સક્રિય તપાસ સામેલ છે.

મુંબઈની સતત ચોથી હાર બાદ હાર્દિક બોલ્યો : આકરા નિર્ણય લેવા પડશે

હાર્દિકનો સૂર્યકુમાર, બુમરાહ જેવા સિનિયર ખેલાડીઓના નબળા પ્રદર્શન તરફ આડકતરો ઈશારો

હાર્દિક પંડ્યાના વલણથી ટીમના સિનિયર ખેલાડીઓ નાખુશ

હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપ હેઠળની મુંબઈ ઈન્ડિયન્સ IPL 2026 માં સંઘર્ષ કરી રહી છે. નિરાશાજનક પ્રદર્શનથી એવી અટકળો શરૂ થઈ છે કે ટીમમાં અણબનાવ છે અને સિનિયર ખેલાડીઓ કેપ્ટન હાર્દિક પંડ્યાથી નાખુશ છે. પંજાબ કિંગ્સ સામેની મેચમાં આની એક ઝલક જોવા મળી હતી જ્યારે હાર્દિક પંડ્યા ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ પર બરાડા પાડતો જોવા મળ્યો હતો. ઈજાને કારણે બહાર બેઠેલા રોહિત શર્મા હાર્દિકને આવું કરતા જોઈને જે રીતે માથે હાથ મૂક્યો તેનાથી લાગતું હતું કે તે કેપ્ટનના વલણથી બિલકુલ પ્રભાવિત નહોતો.

મુંબઈ, તા. 17 (પીટીઆઈ) : મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ આઈપીએલમાં સતત ચોથી હાર બાદ ખુલીને વાત કરતા કહ્યું કે હવે કેટલાક કઠિન નિર્ણયો લેવાનો સમય આવી ગયો છે અને તેમના ખેલાડીઓએ ટીમના ખરાબ પ્રદર્શનની જવાબદારી લેવી પડશે.

મુંબઈ ઈન્ડિયન્સનો પાછલી મેચમાં પંજાબ કિંગ્સ સામે સાત વિકેટથી પરાજય થયો હતો અને તે ફક્ત બે પોઈન્ટ સાથે ટેબલમાં નવમા સ્થાને છે.

હાર્દિકે મેચ પછી કહ્યું હતું કે સાચું કહું તો, મારી પાસે કહેવા માટે વધુ કંઈ નથી. આપણે બેસીને વિચારવાની જરૂર છે કે આપણે ક્યાં પાછળ છીએ. પછી ભલે તે વ્યક્તિગત ખેલાડીઓ હોય, ટીમ હોય કે આપણી રણનીતિ અને અભિગમ હોય. આપણે તેને ફરીથી સુધારવાની જરૂર છે. તેણે આડકતરી રીતે સૂર્યકુમાર યાદવ, જસપ્રીત બુમરાહ જેવા સિનિયર અને તિલક વર્માના નબળા પ્રદર્શન તરફ ઈશારો કર્યો હતો. તેણે કહ્યું હતું કે હવે આપણે જોવું પડશે કે આપણે કોઈ કઠિન નિર્ણયો લેવાની જરૂર છે કે પછી આપણે આગળ વધીને પરિસ્થિતિને બદલવાનો પ્રયાસ કરવો જોઈએ.

RRના મેનેજર ભિંડરને ચેતવણી આપી BCCIએ રૂ. એક લાખનો દંડ ફટકાર્યો

RCB સામેની મેચ દરમિયાન ડગઆઉટમાં ફોનના ઉપયોગ બદલ ભીંડરના જવાબથી એસીયૂ સંતુષ્ટ નથી

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ રાજસ્થાન રોયલ્સ ટીમ મેનેજર રોમી ભીંડરને ડગઆઉટમાં ફોનનો ઉપયોગ કરીને ભ્રષ્ટાચાર વિરોધી નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ રૂ. એક લાખનો દંડ ફટકાર્યો છે અને બોર્ડની કારણદર્શક નોટિસનો સંતોષકારક જવાબ આપવામાં નિષ્ફળ રહેવા બદલ ચેતવણી જારી કરી છે એવું બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ શુક્રવારે પીટીઆઈને જણાવ્યું હતું. 10 એપ્રિલે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની આઈપીએલ મેચ દરમિયાન આ ઉલ્લંઘન થયું હતું. ત્યારબાદ, શરદ કુમારની આગેવાની હેઠળના બીસીસીઆઈના ભ્રષ્ટાચાર વિરોધી એકમ (એસીયુ) એ ભીંડરને કારણદર્શક નોટિસ જારી કરીને સ્પષ્ટતા માંગી હતી. સૈકિયાએ કહ્યું કે એસીયુ ભીંડરના જવાબથી સંતુષ્ટ નથી અને તેને દોષિત ઠેરવ્યો છે. આઈપીએલ પ્લેયર્સ એન્ડ મેચ ઓફિસિયલ્સ એરિયા (પીએમઓએ) પ્રોટોકોલ મુજબ, ડગઆઉટમાં ફોનનો ઉપયોગ પ્રતિબંધિત છે, જ્યારે ડ્રેસિંગ રૂમમાં તેની મંજૂરી છે. તેને પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવાનો દોષી ઠેરવવામાં આવ્યો છે.

બાંગ્લાદેશ ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે પહેલી વન ડે હાર્યું

ઢાકા, તા. 17 : કોઈપણ ફોર્મેટમાં બાંગ્લાદેશને ઘરઆંગણે હરાવવું મુશ્કેલ હોય છે, આમ છતાં, ન્યુઝીલેન્ડે બાંગ્લાદેશ પ્રવાસની શરૂઆત જીત સાથે કરી છે. વન ડે સીરિઝની પ્રથમ મેચમાં ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા 247 રન બનાવ્યા હતા અને તે પછી બાંગ્લાદેશનો 49મી ઓવરમાં 221 રનમાં વિંટો વાળીને મેચ 26 રનથી જીતીને ન્યુઝીલેન્ડે 1-0ની સરસાઇ મેળવી લીધી છે. ન્યૂઝીલેન્ડે પ્રથમ દાવ લેતા હેનરી નિકોલ્સ અને વિલ યંગે બીજી વિકેટ માટે 88 બોલમાં 73 રનની ભાગીદારી અને અંતિમ ઓવરોમાં ડીન ફોક્સક્રોફ્ટના આઠ ચોગ્ગા સાથેના 59 રનથી 247 રન બનાવ્યા હતા, જેની સામે બાંગ્લાદેશ લિટન દાસ અને સૈફ હસનની 93 રનની ભાગીદારી અને તોહિદ હ્રદયના 60 બોલમાં 55 રન છતાં 221 રને ઓલઆઉટ થયું હતું.

યુરોપા લીગ : એસ્ટન વિલા સેમીમાં

પોર્ટોને હરાવનારી નોટિંઘમ ફોરેસ્ટ સામે એસ્ટન વિલાનો સામનો, અનય સેમી ફ્રેઇબર્ગ અને બ્રાગા વચ્ચે

બર્મિંઘમ, તા. 17 (એપી) : ઓલી વોટકિન્સે પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખતાં એસ્ટન વિલાએ બોલોગ્નાને 4-0થી હરાવીને યુરોપા લીગ ફૂટબોલ ટુર્નામેન્ટની સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો જ્યાં તેઓ નોટિંઘમ ફોરેસ્ટનો સામનો કરશે.

એસ્ટન વિલાએ કુલ 7-1ના સ્કોરથી જીત મેળવી અને ત્રણ સીઝનમાં બીજી વખત યુરોપિયન સ્પર્ધાની સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો. ગયા અઠવાડિયે ઇટાલીમાં એસ્ટન વિલાની ક્વાર્ટર ફાઇનલના પ્રથમ લેગમાં 3-1થી જીતમાં વોટકિન્સે બે ગોલ કર્યા હતા. તેણે બીજા લેગની 16મી મિનિટે ગોલ કર્યો હતો, જે ક્લબ માટે તેનો 100મો ગોલ હતો. એસ્ટન વિલા માટે એમિલિઆનો બુએન્ડિયા, મોર્ગન રોજર્સ અને એઝરી કોન્સાએ પણ ગોલ કર્યા હતા.

અન્ય એક મેચમાં, ફોરેસ્ટે પોર્ટોને 1-0થી હરાવીને સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો. બંને ટીમો વચ્ચે ગયા અઠવાડિયે પોર્ટુગલમાં 1-1થી ડ્રો થયો હતો. ફોરેસ્ટે કુલ 2-1થી જીત મેળવી. ફ્રેઈબર્ગે સેલ્ટા વિગોને 3-1થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.

ગયા અઠવાડિયે ક્વાર્ટર-ફાઈનલના પ્રથમ તબક્કામાં 3-0થી જીત મેળવ્યા બાદ જર્મન ટીમ 6-1ના કુલ સ્કોર સાથે પ્રથમ વખત યુરોપિયન સ્પર્ધાના અંતિમ ચારમાં પહોંચી હતી. ફ્રેઇબર્ગનો આગામી મુકાબલો બ્રાગા સામે થશે, જેણે પહેલા તબક્કામાં ૧-૧થી ડ્રો બાદ કુલ ૪-૨થી જીત મેળવી હતી.

ત્રિસાની ઇજાને કારણે ભારતની મહિલા ડબલ્સ જોડી ઉબેર કપમાંથી ખસી

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઇ) : ભારતની ત્રિસા જોલીને પગની ઘૂંટીમાં થયેલી ઈજાને કારણે તેની અને ગાયત્રી ગોપીચંદની મહિલા ડબલ્સ જોડીએ આગામી ઉબેર કપ ફાઇનલ્સમાંથી નામ પાછું ખેંચવાનો નિર્ણય લીધો છે. જેનાથી ડેનમાર્કમાં ભારતના અભિયાનને ભારે ફટકો પડ્યો. ભારત 24 એપ્રિલથી 3 મે દરમિયાન ડેનમાર્કના હોર્સન્સમાં યોજાનાર થોમસ અને ઉબેર કપ ફાઇનલ્સમાં ભાગ લેશે.

જોકોવિચ ઈજાના કારણે મેડ્રિડ ઓપનમાંથી ખસ્યો

મેડ્રિડ, તા. 17 (એપી) : વિશ્વના ચોથા ક્રમાંકિત ખેલાડી નોવાક જોકોવિચે લાંબા સમયથી ચાલતી ઈજાને કારણે મેડ્રિડ ઓપનમાંથી નામ પાછું ખેંચી લીધું છે. જોકોવિચ ઈન્ડિયન વેલ્સમાં બીએનપી પરિબાસ ઓપન પછી રમ્યો નથી. જમણા ખભાની ઈજાને કારણે તે મિયામી ઓપન અને મોન્ટે કાર્લો માસ્ટર્સ પણ ગુમાવી છે. જોકોવિચે શુક્રવારે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર લખ્યું કે દુર્ભાગ્યવશ, હું આ વર્ષે મેડ્રિડ ઓપનમાં ભાગ લઈ શકીશ નહીં. હું ટૂંક સમયમાં પાછો ફરવા માટે મારી રિકવરી ચાલુ રાખી રહ્યો છું.

વિરાટે વધુ એક ઈન્ફ્લુએન્સરનો ફોટો લાઈક કરતાં સોશિયલ મીડિયા ગાજ્યું

લોકોએ અવનીત કૌરવાળી પોસ્ટને લાઇક કરતાં કોહલીએ કરેલું બહાનું યાદ કરી રમૂજ ફેલાવી

નવી દિલ્હી, તા. 17 : ઈન્સ્ટાગ્રામ પર વધુ એક ઈન્ફ્લુએન્સરનો ફોટો લાઇક કરવાના કારણે ભારતીય ક્રિકેટ દિગ્ગજ વિરાટ કોહલી ફરી એકવાર સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. અગાઉ ગાઉ અવનીત કૌરનો ફોટો લાઈક કરીને તેને અલ્ગોરિધમની ભુલ ગણાવનાર કોહલી આ વખતે જર્મન-દક્ષિણ આફ્રિકન ઈન્ફ્લુએન્સરના ફોટા ધરાવતી પોસ્ટને 'લાઈક' કરતાં તે એક મીમ ફેસ્ટમાં ફેરવાઈ ગઈ, જેમાં ચાહકોએ તેનું જાણીતું 'એલ્ગોરિધમ'નું બહાનું યાદ કરીને રમૂજ ફેલાવી હતી.

કોહલીએ ઈન્ફ્લુએન્સર લિઝલાઝ અને ફોટોગ્રાફર અદ્વૈત વૈદ્ય સાથેની એક જૂની પોસ્ટને લાઈક કરી હતી, તે ધ્યાન ખેંચી ગઈ કારણ કે તે ઈન્ફ્લુએન્સરને ફોલો કરતો નથી. થોડીવારમાં, સ્ક્રીનશોટ ફરવા લાગ્યા, જેનાથી એક નાની ક્રિયા વાયરલ મોમેન્ટમાં ફેરવાઈ ગઈ. એક યૂઝર્સે ઓનલાઇન મજાક કરી કે કોહલીને ઈન્સ્ટાગ્રામ પરની આ પોસ્ટ ગમી. અલ્ગોરિધમ પર બીજો ફકરો લોડ થઈ રહ્યો છે. બીજા એક યુઝરે કોહલીના ભૂતકાળના ખુલાસાને સમર્થન આપતા લખ્યું કે આ ફક્ત એક અલ્ગોરિધમ ભૂલ છે મિત્રો અને તે બધા સાથે થાય છે. ક્યારેક, હું મારા ઈન્સ્ટાગ્રામ પર એવી પોસ્ટ્સ જોઉં છું જે મને ક્યારેય ગમતી નથી.

સુડોકુ ૬૪૫૦૦ - 'ક્લુ'

		૮	૨		૩	૪	૭	૬
૪	૨		૮	૫				૩
૩	૧	૬	૭		૯	૨		૫
૮	૩				૧	૭		
૯		૨			૭			૧
		૧			૫	૮		
૨	૮		૫		૪	૯		૭
૧	૭		૯	૩	૨	૬	૫	
૬				૭				૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ-૬૪૫૦૦

૫	૯	૮	૨	૧	૩	૪	૭	૬
૪	૨	૭	૮	૫	૬	૧	૯	૩
૩	૧	૬	૭	૪	૯	૨	૮	૫
૮	૩	૫	૬	૯	૧	૭	૪	૨
૯	૬	૨	૪	૮	૭	૫	૩	૧
૭	૪	૧	૩	૨	૫	૮	૬	૯
૨	૮	૩	૫	૬	૪	૯	૧	૭
૧	૭	૪	૯	૩	૨	૬	૫	૮
૬	૫	૯	૧	૭	૮	૩	૨	૪

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

મૂત્ર જનન તંત્રની તકલીફ

ધાણા, પુનરનવા, વરુણ, પાષાણભેદ. દરેક 50g લઈ યવકુટ - દોદરા કરી ભરી લો. રોજ રાત્રે બે ચમચી ભૂકો ચાર કપ પાણીમાં ભીંજવી દો. સવારે ધીમા તાપે ઉકાળી એક કપ થાય ત્યારે ગાળી, બે ભાગ કરી, સવારે અને સાંજે પીવો.

આજનું પંચાંગ

તા. 18/04/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** વૈશાખ **તિથિ:** સુદ એકમ :14:12
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ચૈત્ર: 28
યોગ : પ્રીતિ **કરણ:** બાવલ
નક્ષત્ર : અશ્વિની:09:44 પછી ભરણી
રાશિ: મેષ (અ.લ.ઇ.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:57
નવકારસી : 07:07
પારસી વર્ષ : 1395 આદર માસનો 07મો રોજ
મુસલમાન વર્ષ : 1447 શવ્વાલ માસનો 29મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે 09:30 થી 11:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): કોઇ જોખમ લેવું નહીં. કામકાજની રીતમાં સુધારો થાય. અટકેલા કામમાં ગતિ આવે. સમાજમાં માન મળે.

વૃષભ (બ,વ,ઉ,): વાહન ધીમે હાંકવું. પ્રવાસમાં સાવધાન રહેવું. ઘરમાં સાવધાનીથી કામ કરવું પડવા-વાગવાની શકયતા.

મિથુન (ક,છ,ઘ,): જીવન સાથીનો સાથ મળે. સ્વાર્થી લોકોથી સાવધાન. સંતાન ચિંતા સતાવે. વિદ્યાર્થીઓને મદદ મળે.

કર્ક (ડ,હ,): મકાન-મિલકત બાબતે યોજના પાર પડે. ધંધા વગેરેનાં સોદા થાય. નોકરીની તક ઊભી થાય.

સિંહ (મ,ટ,): ભાગ્યનો સાથ મળે. મિત્રો સાથે મનોરંજન થાય. જીવન સાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય. આવક વધે.

કન્યા (પ,ઠ,ણ,): જૂના રોગ પરેશાન કરે. લેવડ-દેવડમાં સાવધાન રહેવું અણગમતા સમાચાર મળે. ખર્ચા વધે.

તુલા (ર,ત,): સમાજમાં માન વધે. આવક વધારવાની યોજના બને. ઉમરલાયકને ઇચ્છિત પાત્ર મળવાની શકયતા.

વૃશ્ચિક (ન,ય,): નોકરી માટેના પ્રયત્નો સફળ બને. સાહસથી હરિફોની પીછેહઠ થાય. સ્વભાવ સ્વતંત્ર રહેશે.

ધન (ભ,ધ,ફ,ઢ,): શુભ સમાચાર મળે. સંતાનોની પ્રગતિ થાય. પ્રેમમાં સાથ મળે.

મકર (ખ,જ,): મિલકતનાં સોદા થાય. વારસાની વાતમાં હકારાત્મક પ્રગતિ થાય. ઘરમાં અવર-જવર વધે.

કુંભ (ગ,સ,શ,ષ,): નોકરી-ધંધા માટે પ્રવાસ અનુકૂળ રહે. જીવન સાથીના આરોગ્યની ચિંતા-ખર્ચા સતાવે.

મીન (દ,ચ,ઝ,થ,): ઉઘરાણી આવી શકે. પારિવારિક પ્રશ્નો હલ થાય. વારસાગત ધંધામાં લાભ થાય.

કોઈ પણ સાલમાં 18 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ અને દોડધામ વધારનાર રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી નવા ફેરફાર, બદલી નવી વધારાની જવાબદારી વધે. હરીફો હેરાન કરે. સમાજમાં સામાન્ય રહે. આરોગ્ય નરમ ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે આર્થિક બાબતે. સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય અનુભવ રહે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશના પ્રશ્નો સતાવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના વર્ષની શરૂઆતમાં પાર પડે. મિત્રો વડીલોની મદદ આવક વધારવાની યોજનામાં મળે. વારસા, જાયદાદ, જમીન વગેરે કામ ધીમાં પડે. સમાજ જીવનમાં અશાંતિ અને પરિવારની અપેક્ષા વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મ થાય. માર્ચ એપ્રિલ - ઓક્ટોબર નવેમ્બર, મંગળ ગુરૂવાર 09,18, 27 એ નવા કામ કરવા લાલ રંગનો ઉપયોગ કરવો. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ શનિવાર, 8,17, 26 તારીખે નવાં કામ ટાળવાં. સફેદ ભૂરાં રંગનો ઉપયોગ ઓછો કરવો.

શબ્દગુંફન - ૭૧૯૮

અરવિંદ એસ. મારૂ

૧		૨	■	3		૪	■	૫	
	■	૬			■	૭	૮		■
૯	૧૦		■	૧૧		■		■	૧૨
■		■	૧૩		■	૧૪		૧૫	
૧૬		૧૭		■	૧૮		■		■
	■		■	૧૯		■	૨૦		૨૧
૨૨	૨૩		૨૪	■	૨૫	૨૬		■	
■		■	૨૭	૨૮	■		■	૨૯	
30		31	■	32				■	
	■	33			■		■	34	

આડી ચાવી

૧. ભાવાર્થ, મતલબ (૩)
3. દરજ્જો, ઉપાધિ (૩)
૫. સાચું (૨)
૬. પહોંચ, પાવતી (૩)
૭. માથામાં નાખવાનું એક જાતનું તેલ(૩)
૯. ઝટ, એકદમ (૩)
૧૧. વાહન (૨)
૧૩. મુસાફરી (૨)
૧૪. ખાનદાન (૪)
૧૬. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૮. પ્રખ્યાત, સુંદર (૨)
૧૯. લડાઇનું એક હથિયાર(૨)
૨૦. માવજત, સાચવણી (૩)
૨૨. ચેન ન પડવું તે (૪)
૨૫. દૃષ્ટિ, જોવુ તે (૩)
૨૭. તંતુ, દોર (૨)
૨૯. ભાઈ, વીરો (૨)
30. યાદી, બિલ (૩)
૩૨. પરાક્રમી લડવૈયો (૪)
33. મીઠું (૩)
૩૪. મોટેથી પાડેલી બૂમ (૨)

ઊભી ચાવી

૧ વીર યોદ્ધો (૩)
૨. કરાર, હોડ, બોલી (૩)
3. પગપાળો પ્રવાસ (૪)
૪. ચંદ્રમા (૨)
૫. એક તેલી બી (૨)
૮. ઉપજ (૩)
૧૦. બચાવનાર (૩)
૧૨. ખાંસી (૨)
૧૩. દોસ્ત, આશક (૨)
૧૪. અમૃત, મીઠાશ (૨)
૧૫. બહાદુર, વીર પુરુષ (૩)
૧૬. ચાલાક (૩)
૧૭. ચાર રસ્તાનું ચકલું (૩)
૧૮. અણસમજુ (૩)
૨૦. નાણું (૨)
૨૧. ધ્યાન બહાર રહેલી ભૂલ (૫)
૨૩. તાકાત (૩)
૨૪. નુકસાન, ઠોકર(૨)
૨૬. સોના રૂપાના તાર ખેંચવાનું સાધન (૪)
૨૮. પતિ (૩)
30. ખિસકોલી (૨)
૩૧. પાણી ભરવાનું એક વાસણ (૨)

શબ્દગુંફન ઉકેલ - ૭૧૯૮

સા	રાં	શ	■	પ	દ	વિ	■	ત	થ્ય
મં	■	ર	સી	દ	■	ધુ	પ	લ	■
ત	ર	ત	■	યા	ન	■	દા	■	ક
■	ક્ષ	■	યા	ત્રા	■	અ	શ	રા	ફ
ચ	ક	ચા	ર	■	ના	મી	■	ઊ	■
તુ	■	ચ	■	ગ	દા	■	જ	ત	ન
ર	ખ	ર	ખ	■	ન	જ	ર	■	જ
■	મી	■	તા	ર	■	ત	■	વી	ર
ખ	ર	ડો	■	મ	હા	ર	થી	■	ચૂ
લી	■	લ	વ	ણ	■	ડું	■	હા	ક